# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2026-27/17 Dt. 26/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા સરસાણા ખાતે 'ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-૨૦૨૬'નો ભવ્ય શુભારંભ

## ગુજરાત સરકારના ઉદ્યોગ રાજ્ય મંત્રી ડો. જયરામ ગામિતે સુરતના ઉદ્યોગકારોને કુકરમુંડા, સાકરદા, ચીખલીપાડા તેમજ ઉચ્છલ જેવા સોનગઢ-તાપી જિલ્લાના ગામોમાં રોકાણ કરી, આ ગામોના યુવાનોને રોજગારી આપવા ઉદ્યોગકારોને આમંત્રિત કર્યા

## વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે, સ્પર્ધા વધી રહી છે. ગ્રાહકોની પસંદગી બદલાઈ રહી છે એટલે આજે જરૂર છે. ઇનોવેશનની, ક્વોલિટીની, ટેક્નોલોજીની અને ગ્લોબલ થિંકિંગની: ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૬ થી ૨૮ જુન ૨૦૨૬ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત 'ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું છે, જેનો આજથી ભવ્ય શુભારંભ થયો હતો.

શુક્રવાર, તા. ૨૬ જુન ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ (UKM), સરસાણા ખાતે આયોજિત ઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તેમજ ઉદઘાટક તરીકે ગુજરાત સરકારના ઉદ્યોગ રાજ્ય મંત્રી ડો. જયરામ ગામિતના વરદ્ હસ્તે એક્ઝિબિશનને ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્લોબલ પ્રેસિડેન્ટ (બિઝનેસ ડેવલપમેન્ટ) શ્રી મુરૂગન થેન્કોન્ડાર, અજમેરા ફેશન લિમિટેડના સીઈઓ અને સંસ્થાપક શ્રી અજય અજમેરા, સર્જન ઈન્ટરનેશનલના સંસ્થાપક શ્રી અમિત ડોબરિયા, બોમ્બે ડાઈંગના મેનેજર શ્રી રજનેશ દત્ત અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ગુજરાત સરકારના ઉધોગ રાજ્ય મંત્રી ડો. જયરામ ગામિતે જણાવ્યું હતું કે, 'ગુજરાતના ઔધોગિક વિકાસમાં SGCCI ની મહત્વની ભૂમિકા રહી છે. SGCCI એ વેપાર-ઉધોગની સાથે જ નાગરિકોને સેવા આપવાની ભૂમિકા ભજવી છે. ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે સુરતનું નામ માત્ર ભારતમાં જ નહીં પણ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. કારણ કે, સુરતના ઉધોગકારોએ ગુણવત્તા, નવીનતા અને ટેક્નોલોજીના આધારે પોતાની અનોખી ઓળખ બનાવી છે. ભારતમાં કૃષિ ક્ષેત્ર પછી ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર સૌથી વધુ રોજગારી આપે છે.'

તેમણે સુરતના ઉધોગકારોને કુકરમુંડા, સાકરદા, ચીખલીપાડા તેમજ ઉચ્છલ જેવા સોનગઢ-તાપી જિલ્લાના ગામોમાં રોકાણ કરી, આ ગામોના યુવાનોને રોજગારી આપવા ઉધોગકારોને આમંત્રિત કર્યા હતા. સાથે જ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા તાપી જિલ્લાના વાલોડ અને વ્યારાને કેટેગરી-૦૧ માં મૂકવા રજૂઆત કરવામાં આવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટેક્ષ્ટાઈલને સ્પર્ધાત્મક અને વૈશ્વિક બનાવવા માટે વ્યવસાય કરવા માટે સરળતા, ગ્લોબલ વિન્ડો ક્લિયરન્સ, ઔધોગિક માળખાગત સુવિધાઓ, જીઆઈડીસીનો વિકાસ અને લોજીસ્ટિક કનેક્ટિવિટી આપી છે. તેમણે સુરતને અને ટેક્ષ્ટાઈલ ક્ષેત્રને વિકસિત ભારતનું એન્જિન ગણાવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, વર્ષો સુધી 'વિવનીટ' તરીકે ઓળખાતું આ પ્રદર્શન આજે વધુ વિશાળ વિચાર, વધુ વૈશ્વિક દૃષ્ટિ અને વધુ મોટા વિઝન સાથે 'ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો' બનીને આપણી સામે ઊભું છે. સુરતે માત્ર ફેબ્રિકના ઉત્પાદક નહીં, ફેબ્રિકના બ્રાન્ડ ક્રિએટર બનવું જોઈએ. સાથે જ એ વાત પણ ધ્યાનમાં લેવી જોઈએ કે, બ્રાન્ડ જાહેરાતથી નહીં બ્રાન્ડ ગુણવત્તાથી બને છે. આપણું લક્ષ્ય હવે માત્ર "લોકલ ટુ નેશનલ" નહી પણ "લોકલ ટુ ગ્લોબલ" છે.

એક્ષ્પોમાં ૨૦૦ જેટલા એક્ઝિબિટર્સ અને દેશભરની મુખ્ય ટેક્ષ્ટાઇલ માર્કેટ્સમાંથી જેન્યુઇન બાયર્સ ઉપસ્થિત છે. આ પ્રદર્શન માત્ર સ્ટોલ્સનું પ્રદર્શન નથી.આ બિઝનેસ, બ્રાન્ડિંગ અને નેટવર્કિંગનું સૌથી મોટું પ્લેટફોર્મ છે. આ વર્ષે અહીં માત્ર ફેબ્રિક નહીં. ફ્યુચર ઑફ ફેબ્રિક જોવા મળશે. ગયા વર્ષે આ પ્રદર્શન પછી માત્ર છ મહિનામાં રૂ. ૪૫૦ કરોડથી વધુનો બિઝનેસ મળ્યો હતો. આ વર્ષે રૂ. ૬૦૦ કરોડનો બિઝનેસ મળે તેવી અમને આશા છે. વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે, સ્પર્ધા વધી રહી છે. ગ્રાહકોની પસંદગી બદલાઈ રહી છે એટલે આજે જરૂર છે. ઇનોવેશનની, ક્વોલિટીની, ટેક્નોલોજીની અને ગ્લોબલ થિંકિંગની તેમ તેમણે જણાવ્યું હતું.

બોમ્બે ડાઈંગના મેનેજર શ્રી રાજનેશ દત્તે ઉધોગકારોને ઉપયોગી નીવડે એવી ચાર બાબતો જણાવતાં કહ્યું હતું કે, પ્રથમ ઉધોગકારોએ એક્ષ્પોને ગંભીરતાથી લેવું જોઈએ, વિવિધ ખ્યાતનામ એક્ષ્પોની મુલાકાત લેવી જેથી નવા વિચારો (આઈડિયા) મળે. બીજી બાબત ઉધોગને આગળ વધારવા માટે વિઝન ક્લિયર રાખવું. ત્રીજી બાબત એ છે કે હંમેશા વર્કિંગ કેપિટલ પર ધ્યાન રાખવું જોઈએ અને સૌથી અંતિમ ચોથી બાબત એ છે કે, હાલમાં વર્લ્ડવાઈલ્ડ બાયો-ડિગ્રેબલ કાપડની માંગ વધુ હોવાથી તેના ફેબ્રિક ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે આગામી સમય સ્કેલનો નહીં પણ સ્પેશિયાલિટીનો રહેશે તેમ જણાવ્યું હતું.

ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (બિઝનેસ ડેવલપમેન્ટ)ના ગ્લોબલ પ્રેસિડેન્ટ શ્રી મુરૂગન થેન્કોન્ડારે જણાવ્યું હતું કે, ઉધોગકારો કોમ્પિટિટર (સ્પર્ધક)ને કોલાબેરેશનમાં લઈને માંગને પૂર્ણ કરી શકે છે. ૭૦ ટકા ડિમાન્ડ સપ્લાય પર આધારિત હોય છે. ચીન હંમેશા પ્રોબ્લેમ્સ ઓપચ્યુનિટીઝ આપે છે તે બાબતને ધ્યાને રાખીને કાર્ય કરે છે. સુરતના ઉધોગકારો વિવિધ વેરાયટીમાં નાના ઓર્ડર મેળવી તેમની સમયસર ડિલીવરી આપી પોતાના બિઝનેસ બુસ્ટ કરી શકે છે.

સર્જન ઈન્ટરનેશનલના સંસ્થાપક શ્રી અમિત ડોબરિયાએ જણાવ્યું હતું કે, સર્જન ઈન્ટરનેશનલને પણ ચેમ્બરના એક્ઝિબિશન થકી તક મળી હતી. એક્ઝિબિશન ઉત્તમ સમય હોય છે બાયર્સને આકર્ષિત કરવાનો. એક્ઝિબિશનમાં પ્રોડકટને કોપી નહીં પણ પોતાના પ્રોડકટની અન્ય પ્રોડકટની સરખામણી કરો અને એમાં રહેલ ખામીઓને દૂર કરી નવી પ્રોડકટ લોન્ચ કરો.

અજમેરા ફેશન લિમિટેડના સીઈઓ અને સંસ્થાપક શ્રી અજય અજમેરાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં નિશ્ચિત જ ગારમેન્ટ ક્ષેત્રે સુરતમાંથી બ્રાન્ડ બનશે. તેમણે આગામી તા. ૧૨ થી ૧૫ ઓગષ્ટ ૨૦૨૬ દરમિયાન ભારત મંડપમ ખાતે આયોજિત 'ભારતીય વેપાર મહોત્સવ'માં સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો પોતાની પ્રોડકટ પ્રદર્શનમાં મૂકશે.

આ સમારોહમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ સેક્રેટરી શ્રી પરેશ લાઠિયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન નિવૃત્ત પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, પૂર્વ પ્રમુખશ્રીઓ, ગ્રૃપ ચેરમેનશ્રીઓ, એક્ઝિબિટર તેમજ વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનિષ કાપડિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તેમજ ચેમ્બરના ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-૨૦૨૬ના ચેરમેન શ્રી હરેશ પટેલે એક્ઝિબિશન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.